


## સલામી સવારની..

*લોકશાહીમાં સત્તાનું એપી સેન્ટર છે દિલ્હી,*
*કહ્યાગરા કાયદાનું, એપી સેન્ટર છે દિલ્હી.*
*કઠપૂતળાં - દોરીનું, એપી સેન્ટર છે દિલ્હી,*
*બધાં જ પ્રદૂષણોનું એપી સેન્ટર છે દિલ્હી.*
*(હવે પ્રદૂષણનો અન્ય શહેરોમાં પ્રસાર)*

### હાઈકુ

*અહીં ન ગળી,*
*દાળ, વિશ્વ પ્રવાસે -*
*થયું સન્માન...*
*(દાળ-નિકાસ છૂટ)*

*માર્યા ફૂંફાડા,*
*પૂરાયો કરંડિયે*
*જીએસટી કોબ્રા...*
*(રાહતો નો વરસાદ)*

## ચિંતન

**અકિંચનઃ કામચારો નિર્દ્વંદ્વઃ છિન્નસંશયઃ ।**
**અસક્તઃ સર્વભાવેષુ કેવલો રમતે બુધઃ ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

અકિંચન, અપરિગ્રહી, સ્વછંદપણે વિચરતો, દ્વંદ્વરહિત, સંશય વિનાનો, અનાસક્ત તેમજ એકલો જ. એવો બુધ પુરુષ, જ્ઞાની બધા ભાવોમાં રમણ કરે છે.

જ્ઞાની વિશેની વિવિધ વાતો કરી. તેમાં પ્રથમ અકિંચન! અકિંચન એટલે ગરીબ નહીં, જેને હવે જરા પણ પરિગ્રહ રહ્યો નથી તેવો. જરૂરત મુજબનું એની પાસે પણ હોય છે. પરંતુ અનાવશ્યક સંગ્રહ એ કરતો નથી. ત્યાં સંઘર્યો સાપ પણ કામ કરે આવે એ કહેવત લાગુ પડતી નથી. ત્યાં એ સાપ રજ્જુ - સર્પ બની રહે છે. એ જાણે છે કે જયાં સંગ્રહવૃત્તિ છે. પરિગ્રહ છે, ત્યાં પછી વિગ્રહ પણ થાય છે. અને પૂર્વગ્રહ પણ બંધાય છે. માટે કોઈ પણ વાતનો આગ્રહ જ ન રાખવો. આગ્રહ રાખીએ તો સંગ્રહને પરિગ્રહ આવે.

કોઈ પણ પરિસ્થિતિમાં વિચલિત ન થાય તે જ્ઞાની.

## સુવિચાર

- જીવન તો ખુલ્લી કિતાબ જેવું રાખવું પણ ભક્તિ અને સતકર્મનું પાનું હંમેશા ગુપ્ત રાખવું - **ભૂપત વડોદરિયા**
- તમારી ગેરહાજરી જયાં ફર્ક સર્જી શકે ત્યાં જરૂર હોય ત્યારે હાજરી આપવી અનિવાર્ય છે - **નવનીત**
- વિકલ્પ મિલેંગે બહુત માર્ગ ભટકાને કે લીયે, સંકલ્પ એક હી કાફી હે મંઝીલ તક જાને કે લીયે - **નિદા ફાઝલી**
- ‘વો ખુદ કો મુબારક, મૈં ખુદ કો મુબારક’ આટલું સમજી લઈએ તો ‘જિંદગી મુબારક’ - **ફેસબુક**
- આશાને હકારાત્મક જવાબની નહિં પણ સમયમર્યાદામાં પરિણામની આશ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શરીર ખોટકાય તો લોહીની લેબોરેટરી કરાવવી પડે છે તેમ સંબંધ ખોટકાય તો લાગણીની લેબોરેટરી કરાવી લઈએ - **સંબંધસૂત્ર**
- આજનું ઔષધ : ટોપરૂ ખાવાથી અને ટોપરું બારીક વાટી શરીરે ચોપડવાથી ખંજવાળ મટે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

## બોધકથા

બર્નાડ શૉ બાર વર્ષના હતા ત્યારની વાત. એક સાંજે એમને વિચાર આવ્યો. ‘મને ઈશ્વરમાં શ્રદ્ધા નથી, તો પછી દરરોજ રાત્રે સૂઈ જતાં પહેલાં હું ઈશ્વરને પ્રાર્થના શા માટે કરું છું ??’

એ રાત્રે એમને પ્રાર્થના કરી નહીં.

બીજે દિવસે સાંજે એમનાં મનમાં સવાલ ઊભો થયો. ‘કાલે મેં પ્રભુ પ્રાર્થના કરી નહીં, પણ તેથી હું બેચેન કેમ બની ગયો?’ ત્રીજે દિવસે બર્નાડ ભગવાન ને એવા તો વીસરી ગયા કે જાણે પોતે જન્મથી ‘નાસ્તિક’ ઈશ્વર છે જ નહીં એમ માનનાર હોય. એમને માટે હવે ભગવાન રહ્યા ન હતા, પણ એમને વિચાર આવ્યો. ‘લાજ, શરમ, વિવેક સભ્યતા, નીતિ ધર્મ એ કંઈ ફક્ત મોટી ઉંમરનાં ની કે ઘરડા માણસોની જ બાબત નથી.’

તરત ભીતરનો અવાજ સંભળાયો ‘ઈશ્વર સામે બળવો ન કરાય.’ અને જાણે એ દિવસથી એમનો નવો જન્મ થયો.

# કોંગ્રેસમાં ‘રાહુલ યુગ’નો પ્રારંભ

**તંત્રીસ્થાનેથી...**

રાહુલ ગાંધી ભલે કોંગ્રેસના પ્રમુખ ન હોય તો પણ પાર્ટીના કાર્યકરો અને દેશની પ્રજા તો એમને જ સોનિયા ગાંધી પછીના સૌથી તાકાતવાન રાષ્ટ્રીય નેતા બલકે પ્રોક્સી પ્રેસિડેન્ટ જ માને છે. ઘણા લાંબા વખતથી રાહુલ ગાંધીને પાર્ટીનું પ્રમુખપદ સંભાળી લેવા વિનંતી કરાતી રહી છે. એનું સૌથી મહત્ત્વનું કારણ એ છે કે સોનિયા ગાંધીનો કાર્યકાળ કે કરિશ્માકાળ તો પૂરો થઈ જ ચૂક્યો છે, પણ ઘણા સમયથી એમનું સ્વાસ્થ્ય પણ કથળેલું છે. વિશ્વની સર્વોત્તમ કેન્સલ હોસ્પિટલનાં દરદી તરીકે એમનું નામ નોંધાયા પછી સ્વાભાવિક છે કે પાર્ટી કે પ્રજાજનો એમની પાસે લાંબી શ્રમજન્ય કામગીરીની અપેક્ષા ન જ રાખે. એક વાત નક્કી છે કે જે ક્ષણે સોનિયા ગાંધીને આગ્રહપૂર્વક સક્રિય રાજકારણમાં આગળ આવી પાર્ટીનું પ્રમુખપદ સંભાળી લેવા મનાવી લેવાયાં હતા અને પ્રતિભાહીન સીતારામ કેસરીને એ પદ પરથી રાતોરાત બળજબરીપૂર્વક હટાવી દેવાયા હતા તે જ ક્ષણે કોંગ્રેસ માટે વધુ એક વાર નહેરુ-ગાંધી વંશ જ એનું રાષ્ટ્રીય નેતૃત્વ કરી શકે, એ થિયરી સ્વીકૃત બની ગઈ હતી. પ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુ પછી ધુરંધર રાષ્ટ્રીય નેતાઓની મોટી ફોજ મેદાનમાં હોવા છતાં લાલ બહાદુર શાસ્ત્રીના અકાળ મૃત્યુ પછી પસંદગીનો કળશ પ્રિયદર્શની ઈંદિરા પર જ ઢોળાયો હતો. ઈંદિરા ગાંધીને ‘ગૂંગી ગુડિયા’ ગણી નહેરુની લાડલી તરીકે દેશનું સુકાન સોંપનારા ધુરંધર કોંગ્રેસી નેતાઓ એક પછી એક રાજકીય ક્ષેત્રે ભૂંસાતા ગયા અને કોંગ્રેસ માટે આ એક જ ખાનદાન તારણહાર બની રહ્યું. ઈંદિરા ગાંધીએ પોતાના રાજકીય વારસ તરીકે નાના પુત્ર સંજય ગાંધીને તૈયાર કરવા માંડ્યા હતા પરંતુ કમનસીબે એ હણહણતો અશ્વ કસમયે કાળનો કોળિયો બની ગયો હતો. નાછૂટકે ઈંદિરા ગાંધીએ રાજકારણથી સલામત અંતર રાખી પાઈલટની કારકિર્દી સ્વીકારનાર જયેષ્ઠ પુત્ર રાજીવ ગાંધીને દબાણ કરીને પાર્ટીના મહામંત્રી બનાવ્યા હતા. એ પછીનો ઈતિહાસ જાણીતો છે. રાહુલ ગાંધીમાં પિતા ગાંધીની નિખાલસતા અને ભોળપણ છે. તેઓ રાજકારણની આંટીઘૂંટીઓથી અજાણ યુવાન તરીકે આવી મોટી જવાબદારી સ્વીકારતાં ઘણા સમયથી આનાકાની કરતા રહ્યા હોવા છતાં એમના સિવાય અન્ય કોઈને કોંગ્રેસનું સુકાન સોંપવાનો વિચાર સુધ્ધાં કોઈને નથી આવ્યો તે જ શું સૂચક નથી ? વચ્ચે અનેક પ્રાદેશિક ચૂંટણીઓમાં કોંગ્રેસને વસમી હાર ખમવી પડી ત્યારે રાહુલ ગાંધીની નેતૃત્વ ક્ષમતાના મુદ્દે વ્યાપક ચણભણ જરૂર થઈ હતી અને વિકલ્પે પ્રિયંકા ગાંધી મેદાનમાં ઊતરી સોનિયાજીનો બોજ હળવો કરે એવી માગ પણ ઊઠી હતી. પરંતુ સોનિયા ગાંધીનો વિકલ્પ તો રાહુલ ને જ પ્રસ્થાપિત કરવાનો હતો. છેલ્લે ગુજરાતની અને હિમાચલની ચૂંટણીમાં સોનિયા ગાંધીએ પ્રચારથી માંડી તમામ સત્તા પાર્ટીના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના હવાલે કરતાં ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે. કોંગ્રેસ વર્કિંગ કમિટીએ પાર્ટીના પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ પણ જાહેર કરી દેતાં હવે પ્રમુખની ચૂંટણી તો માત્ર કર્મકાંડ હશે; બાકે રાહુલ ગાંધીની તાજપોશીની ઘડીઓ ગણાઈ રહી છે. અગાઉના રાહુલ બાબા અને આજના રાહુલ ગાંધી વચ્ચે ઘણો ફરક છે. હવે રાહુલ ગાંધીને દેશ અને દુનિયાના નેતાઓ ગંભીરતાપૂર્વક લેતા થયા છે. ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીનું પરિણામ જે આવવાનું હોય તે - પણ પાર્ટીના સુકાની તરીકે રાહુલ ગાંધી આગામી વર્ષો સુધી એની ધુરા સંભાળશે. હવે પછીનો કોંગ્રેસનો સમયગાળો ‘રાહુલ યુગ’ તરીકે ઓળખાય એવી પૂરી શક્યતા છે.

# અમેરિકન સિટીઝીનશીપ મળી જાય એટલે ભયો ભયો...




તે દિવસે બપોરે પ્રાચી સાયબર કેફેમાં બેઠી હતી. થોડીવાર બાદ તેમના પડોશમાં રહેતા મનોજભાઈનો દીકરો કૃણાલ આવ્યો. તે પ્રાચીની પાસે આવીને ઊભો રહી ગયો. પછી ધીમેથી બોલ્યો, ‘વાઉ પ્રાચી દીદી સારું થયું તમે અહીં જ મળી ગયા.’ ‘મારું એક કામ કરશો ?’

પ્રાચી વિન્ડોસ્ક્રીન પર નજર ઠેરવતાં બોલી. ‘હું દેશના એવા કેટલાક ભૂલાઈ ગયેલાં ક્રાંતિકારીઓ વિષે સર્ચ કરી રહી છું. જેમણે દેશભક્તિમાં પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરી દીધાં. તેમના નામે કોઈ ચોક, રસ્તા કે શહીદ સ્મારકો નથી. છતાં તેમની કુરબાની એ દેશને જે કંઈ આપ્યું છે તેના માટે તેઓ ભુલાવા તો ન જ જોઈએ. લખાયેલા ઈતિહાસની સાથે આવા સાચા ક્રાંતિકારીની વાત હું મારા બાળકોને ભણાવવા માગું છું. પણ બોલ તારે શું કામ હતું ?’

આમાં લગ્ન કરવા માટેની વેબસાઈટ પરથી કોઈ ડિવોર્સી કે વીડોના કોન્ટેક્ટ એડ્રેસ મેળવી આપો. પણ હાં અહીંની નહીં અમેરિકાવાળી લ્યો આ કાગળ કહેતાં કૃણાલે પ્રાચીના હાથમાં કોરો કાગળ અને પેન પકડાવી દીધી. અને તે પણ જાણે આદેશાત્મક ઢંગથી, પ્રાચી તો થોડીવાર માટે તેની સામે જ જોઈ રહી પછી કહ્યું, પણ શા માટે ? કોના માટે તારે આ જોઈએ છે ?’ પ્રાચીએ ત્રણ વખત બારમીમાં નાપાસ થયેલ ક્રીશની પુછવાની સ્ટાઈલ જોઈએ આશ્ચર્યથી પૂછ્યું.

‘અરે, મારા માટે, બીજા કોના માટે ?’ બસ એક નીલી આંખોવાળી ગ્રીન કાર્ડ હોલ્ડરથી મેળ પડી જાય તો પછી બાપુ જલ્સા જ જલ્સા.

કૃણાલ ઉર્ફે ક્રીશની વાતોમાં રહેલો ઉત્સાહ અને આંખોની મસ્તીમાં ઉમંગની લહેરો ઉઠતી હતી.

‘પણ અહીં તારા પપ્પાની દુકાન કોણ સંભાળશે? પહેલાં પરણેલી હોય તેથી સ્ત્રી તારાં લગ્નની વાત તારાં ઓર્થોડોક્સ પેરેન્ટ્સ સ્વીકારશે ખરાં ?’ પ્રાચીએ અન્યમસ્યક થઈ પૂછ્યું.

તેના પ્રશ્નથી રાતો પીળો થતો ક્રીશ ઉપેક્ષા ભાવ સાથે બોલ્યો. ‘આ તો એક ઈઝી ડીલ છે. અમેરિકન સિટીઝીનશીપ મળી જાય એટલે ભયો ભયો... એક વાર અમેરિકા સેટલ થઈ જાઉં પછી...’

‘સોરી, ક્રીશ, એવી કોઈ વેબસાઈટથી ગ્રુમ કોન્ટેકટ કરવાની મને ફાવટ નથી.’ તેને ક્રીશની વાત કાપી નાંખતા કહ્યું.

‘તમે લેડી છો, રાઈટર છો તેથી મેં તમને કહ્યું કારણ કે આવી બાબતમાં તમારા થ્રુ આસાનીથી મામલો સેટ થઈ જાય. પણ તમે તો કંઈ કામનાં જ નથી.’ તેની તરફ ઉપેક્ષા ભરી નજરે નાંખી ક્રીશ ત્યાંથી ચાલતો થયો.

તે વખતે વિન્ડો સ્ક્રીન પર દેશના મહાન શહિદોની તસ્વીરો ઝળકવા લાગી. મનોમન તેમને નમન કરતાં તે વિચારી રહી એક તરફ એવા પુરુષો થઈ ગયા છે. જેમને દેશહિત ખાતર પ્રાણનું બલિદાન કરતાં જરાય સંકોચ કર્યો નથી. બીજી તરફ ક્રીશ જેવા પુરુષો છે જેના માટે પુરુષત્વ માત્ર ગ્રીનકાર્ડ હોલ્ડર સાથે લગ્ન સુધી સીમિત છે. તેમ માટે ભલે ને પછી તેમને તેમનાં કુટુંબ અને દેશની ઈજ્જતને દાવ પર લગાડી દેવી પડે.

# તમને અંતઃસ્ફુરણા થાય છે? દિવ્ય દૃષ્ટિથી દિવ્યદર્શન




શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે ‘‘ન ચ મેવ દર્શનમ્ ચર્મ ચક્ષુઃ – દદામિ દિવ્ય ચક્ષુઃ’’ અર્થાત્ ચામડીની – ચર્મની આંખોથી મારા વિરાટ સ્વરુપના દર્શન થઈ શકશે નહીં, એ માટે દિવ્ય નેત્ર વડે મારા દર્શન કર. આપણે ભગવાનને પરમ તત્વને ખુલ્લી આંખે નિહાળી શકીએ નહીં. આપણી દિવ્ય દૃષ્ટિથી જ એ દર્શન સંભવ બને છે.

> **આપણે આપણા દરેક કાર્યમાં આવો દિવ્ય ભાવ લાવી શકીએ કે ભગવાન આપણને જોઈ રહ્યા છે? આપણી દરેક ક્રિયામાં જો આવો દિવ્ય ભાવ કેળવાય તો ધર્મ અને ભક્તિનું સાર્થક્ય અને માનવજીવનનું પણ સાર્થક્ય.**

દિવ્ય ભાવ એટલે શું? એની પણ વાત કરીએ. એક નેત્રહીન વ્યક્તિ રસ્તો ઓળંગી રહ્યો હતો. તેનો હાથ પકડીને મદદ કરનાર વ્યક્તિએ પુછ્યું કે ‘‘સૂરદાસ, ક્યાં જઈ રહ્યા છો?’’

નેત્રહીન વ્યક્તિએ કહ્યું કે ‘‘મંદિરે જઈ રહ્યો છું, ભગવાનના દર્શન કરવા માટે.’’

પેલી અજાણી વ્યક્તિથી ના રહેવાયું અને કુતૂહલવશ પુછી લીધું કે ‘‘સૂરદાસજી, તમે તો જોઈ શકતા નથી, તો પછી ભગવાનના દર્શન કેવી રીતે કરશો?’’

નેત્રહીન વ્યક્તિએ ખુબ સરસ જવાબ આપ્યો કે ‘‘તમારી વાત સાચી છે. મારી પાસે દૃષ્ટિ નથી, એટલે હું ભગવાનના દર્શન કરું તો પણ ભગવાનને જોઈ શકું નહીં. પરંતુ ભગવાન પાસે તો દૃષ્ટિ છે ને. ભગવાન તો મને જોઈ શકશે ને કે આ માણસ દર્શન કરવા આવ્યો છે.’’

ભગવાન પ્રત્યે સૂરદાસનો કેવો અને કેટલો દિવ્ય ભાવ! આપણે આપણા દરેક કાર્યમાં આવો દિવ્ય ભાવ લાવી શકીએ કે ભગવાન આપણને જોઈ રહ્યા છે? આપણી દરેક ક્રિયામાં જો આવો દિવ્ય ભાવ કેળવાય તો ધર્મ અને ભક્તિનું સાર્થક્ય અને માનવજીવનનું પણ સાર્થક્ય.

કવિવર ઉમાશંકર જોશીએ એક કવિતામાં લખ્યું છે કે ‘‘આંખે તાળાં, જીભે તાળાં, હૈયે તાળાં, અને જ્યાં જુઓ ત્યાં તાળાં તાળાં.’’ એક અન્ય કવિતામાં કહ્યું છે કે ‘‘પ્રભુજીને પડદામાં રાખ મા, પુજારી તારા આતમને ઓઝલમાં નાખ મા.’’ કવિ સુંદરમે કહ્યું છે કે ‘‘મારી બંસીમાં બોલ બે વગાડી તું જા, મારી વીણામાં બોલ બે વગાડી તું જા.’’

ભાગવત કથાકાર પૂજ્યશ્રી ડૉંગરેજી મહારાજના જીવનનો એક પ્રેરક પ્રસંગ છે. તેઓ અકિંચન, નિર્લેપ અને નિસ્પૃહ કથાકાર હતા, એ વાતની પ્રતીતિ કરાવતો એક જાણીતો પ્રસંગ છે. તેઓ મુંબઈમાં એક કેન્સર હૉસ્પિટલના નિર્માણ હેતુ ફંડ એકત્ર કરવા માટે કથા કરી રહ્યા હતા. વ્યાસપીઠ ઉપર બેઠા હતા ત્યારે જ એક સ્નેહીજન તેમને કાનમાં કશોક સંદેશો આપી ગયા. તેઓએ શાંતિપૂર્વક કથા પૂર્ણ કરી. સમાચાર તેમનાં પત્ની ગોલોકવાસ સિધાવ્યા એ અંગેના હતા. છતા તેઓએ સહેજ પણ વિચલિત થયા વિના પોતાનું કથાકર્મ કર્યું.

આ હૉસ્પિટલ માટે તેમની કથા થકી રૂપિયા દોઢ કરોડનું ફંડ એકત્ર થયું હતું. બીજી તરફ કથા પૂર્ણ કર્યા બાદ તેઓ પત્નીના પાર્થિવ દેહની અંતિમક્રિયા કરવા ગયા. રેવા નદીના કિનારે ક્રિયાકર્મ કરતી વેળા બ્રાહ્મણને આપવા માટે દક્ષિણા તરીકે તેમની પાસે એક પણ રૂપિયો નહોતો. આથી તેમણે પોતાની મૃત પત્નીનું મંગળસૂત્ર પોતાના સ્નેહીજનને આપીને કહ્યું હતું કે ‘‘આ મંગળસૂત્ર બજારમાં જઈને વેચી આવો તો એમાંથી જે રકમ આવે તે હું આ બ્રાહ્મણોને દક્ષિણા તરીકે આપી શકું.’’ એક તરફ જે ભાગવત કથાકાર હૉસ્પિટલ-નિર્માણ માટે એ જમાનામાં દોઢ કરોડ રૂપિયાનો ફંડ-ફાળો એકત્ર કરાવી આપે છે, તો બીજી તરફ તેમની ખુદની પાસે એક રૂપિયો પણ હોતો નથી.

વચનામૃત ગઢડા પ્રથમનું ૨૭ ‘‘ભગવાન અખંડ નિવાસ કરીને રહે એવી સમજણનું’’માં વર્ણન અનુસાર શ્રીજી મહારાજ રાતના પાછલા પ્રહર ટાણે પોતાના મહેલથી ચાલતા નીકળીને સંતોના ઉતારાની જગાએ જઈને ઉપદેશ આપી રહ્યા છે. ભગવાનની વાતમાં ઉતાવળ કરવી અથવા સમયની રાહ જોઈને બેસી રહેવાય નહીં, એ વાત સમજવા જેવી છે. કેમ કે શ્રીજી મહારાજે ચાહ્યું હોત તો તેઓ રાતના પાછલા પ્રહરે જઈ પહોંચવાના બદલે બીજા દિવસની પ્રભાત સુધી રાહ જોઈ શક્યા હોત.

ભગવાનની અખંડ કથા-વાર્તા-શ્રવણનું માહાત્મ્ય અનેરું છે. વચનામૃત ગઢડા મધ્યના ૧૩ પ્રમાણે ‘‘મોટા પરમહંસ હોય એ આગળ આવે તો એ દ્વારા બીજા જીવનું કલ્યાણ થાય છે.’’ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તો આઠ પુરાણી (કથાકાર) રાખીને કથાવાર્તાનો અખંડ અખાડો ચલાવતા. તેઓ કહેતા કે ‘‘મરનારાંને શીદ રડો છો, રડનારાં નથી રહેવાનાં.’’ ધર્મ-ભક્તિની પણ અંતઃસ્ફુરણા થાય તો દિવ્યદૃષ્ટિ કેળવાય અને દિવ્યદર્શન પણ થાય.

**જસ્ટ ટ્વીટ :**

‘‘કનક તજ્યો, કામિની તજ્યો, તજ્યો ધાતુ કે સંગ,
તુલસી લઘુ ભોજન કરે, જીવે માન કે સંગ.’’

**- સંત તુલસીદાસ**

# ભાવતું ભોજન...!! ખીચડીને ભારતની સુપર ફૂડ બ્રાન્ડ બનાવવાની ‘ખીચડી’ રંધાય છે...!!




ખીચડીને ભારતનું રાષ્ટ્રીય ભોજન બ્રાન્ડ બનાવવી કે નહીં ? એવી ચર્ચા છેલ્લાં ઘણા દિવસોથી ઉઠી છે. ચોથી નવેમ્બરે દિલ્હીમાં માનવકદના તપેલામાં ૮૦૦ કિલો શાહી ખીચડી ઓરવામાં આવી, એ ગીનીશ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ માટેનો પ્રયત્ન હતો, પણ આ સૌની પ્રિય ખીચડીની ફુલ ગુલાબી ઠંડીમાં ગરમાગરમ ચર્ચા પણ દિલ ખુશ કરી દે છે.



ખીચડી એ રાજા અને રંક બંનેના ઘરમાં સરખો દરજ્જો ભોગવે છે. ગરીબ ઘરમાં માત્ર મીઠું-હળદર સાથે ચૂલા પર ચઢતી ખીચડી માલદારના ઘરમાં ચોખ્ખા ઘી સાથે જાતજાતના શાકબાજી - ડ્રાય ફ્રુટ્સ સાથે શાહી ઠાઠ ભોગવે છે. ખીચડી એ પ્રાંત અનુસાર એના રંગ - રૂપ - સ્વાદ બદલે છે. કયાંક એ લચકો કયાંક છૂટી, કયાંક જાડી તો કયાંક સાવ પાણી જેવી બને છે. ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો અને પછી ચઢેલી ખીચડી બે મહિનાના બચૂડાથી લઈને ૯૨ વર્ષના બુઢ્ઢાને દાઢે વળગે છે!

છેલ્લાં કેટલાંક દિવસોથી ભારતનું રાષ્ટ્રીય ભોજન બનશે કે નહીં ? થવી જોઈએ કે નહીં ? એવી ચર્ચા ચાલી. ચર્ચાથી દૂર રહેતા લોકોને પણ ખીચડીનું નામ આવતાં કાન સરવાં કર્યા, અને ખીચડી આપણો રાષ્ટ્રીય ખોરાક બને એ માટે ટેકો પોતાની આંગળી ઊંચી કરવા લાગ્યાં. દરેક દેશની પોતાની રાષ્ટ્રીય ડીશ હોય છે, તો ભારતની કેમ નહીં? કાશ્મીરથી કન્યાકુમારી સુધી દરેક વિસ્તાર અને લોકોનો પોતાની અલગ ભોજન વ્યવસ્થા અને ફૅમસ આઈટમ છે. એટલે કોઈ એક ખમણ-ઢોકળાં, ઢોંસા, રસગુલ્લાને સપોર્ટ ન મળે, પણ ખીચડીની વાત આવતાં બધાં જ તૈયાર થઈ જાય!

ભારતના દરેક ખૂણે ખીચડી જોવા મળે છે. દાળ-ચોખા એ મુખ્ય ઘટક, દાળના પ્રકારમાં ફેર, બનાવવાની પદ્ધતિ અલગ, પણ આત્મા એક જ. જેમ દાળ-ભાત બનાવવા માટે તુવેરદાળની દાળ જ વઘાર પામે અને ખીચડીમાં મગની ફોતરાની દાળ ટોપ પર, બાકી બીજી બધી પટરાણીઓ કહેવાય. ઉત્તરપ્રદેશ, પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાન જેવા ચોખા ઓછા ખાતા પ્રદેશોમાં પણ ખીચડી ચઢે છે.

> **કોમ્પ્યુટર, મોબાઈલ, ટીવી છે સોંઘા પણ એની રંધાય નહીં ખીચડી, ચકી ને ચકાના જીવન પર ત્રાટકી છે મોંઘવારી નામે એક વીજળી, ફાઈવસ્ટાર મોલના ફાલેલા જંગલમાં નાનકડા સપના ખોવાઈ ગયા છે. એક ચકી ને ચકો મુંઝાઈ ગયા છે!**

ટૂંક સમયમાં, ઝડપી અને સ્વાદિષ્ટ પદાર્થ તરીકે ખીચડી પ્રસિદ્ધ છે. ગુજરાતમાં વૈષ્ણવ રસોડામાં બનતી ખીચડી ચોખ્ખા ઘીમાં ચઢાવવામાં આવે છે. બંગાળમાં ખીચડીને ખીચુરી કહીને ચાર-પાંચ દાળ ભેગી કરી બનાવવામાં આવે છે. ઈશાન ભારતમાં એ બટાકા અને સરગવાની સીંગો સાથે પાતળી બને છે તો રાજસ્થાન-પંજાબમાં જાડી પટ્ટા જેવી, મહારાષ્ટ્રમાં ખાન્દેશ, વિદર્ભ, મરાઠવાડા બધે અલગ ફલૅવર છે તો દક્ષિણ ભારતમાં ‘વેન્ન પોંગલ’ નામ ધારણ કરી કેળના પાનની થાળીમાં પીરસાય છે.

ગાંધીનગર અક્ષરધામની ખીચડી એ દર્શનાર્થીઓનું આકર્ષણ છે. ૨૫ વર્ષ પહેલા માત્ર વીસ રૂપિયામાં કાજુ-દ્રાક્ષ સાથે બનતી અને દહીં સાથે પીરસાતી ખીચડીનો આજે પણ એ જ સ્વાદ બરકરાર છે. સિઝન પ્રમાણે શાકભાજીનો સાથ બદલતી ખીચડીનો સ્વાદ બદલાતો નથી, ગાંધીનગરાઓ રજાના દિવસે ખીચડીનો સ્વાદ માણવા ખાસ અક્ષરધામ મંદિરે આવતા હોય છે.

ઈતિહાસ ચેક કરીએ તો ખીચડીના મૂળીયા ઊંડા છે. અકબર રાજાને ખીચડી ભાવતી હતી એ એ તો પેલી કહેવત છે ને કે ‘બીરબલની ખીચડી કયારે ચઢશે ?’ એ પરથી જ કહી શકાય. ભારતના પડોશી દેશ પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકામાં પણ ખીચડી બને છે. આમ તો આપણાં ભારતીયો જે દેશમાં પહોંચે ત્યાં ખીચડી બનતી જ હશે ! ખીચડીનો આવિષ્કાર અચાનક જ થયો હશે એવું મારું માનવું છે.

કોઈ મોટા રસોઈઘરમાં સાત-આઠ ચૂલા સલગતાં હોય, ત્યાં રસોઈ બનતી હોય અને ભાતના તપેલામાં ભૂલથી કોઈ શિખાઉ રસોઈયાથી દાળ ઢોળાઈ ગઈ હશે અને એની ભૂલ સંતાડવા એણે એમાં મરી-મસાલા નાંખી દીધા હશે અને એ ત્યાં હાજર રહેલાં લોકોએ ખાતા વખાણી હશે એમાંથી ખીચડી બની હશે, આ માત્ર મારું અનુમાન છે, દાવો નથી હોં ! આ પદાર્થ જે કોઈ મંત્રી - સંત્રી કે રાજાએ ખાધો હશે એને પસંદ પડ્યો હશે, અને નિયમિત બનતો થયો હશે.

રાજા-રાણીના સંસારથી લઈને, સંયુક્ત કુટુંબ, સંસારી કે સાધુ કોઈ એવી વ્યક્તિ ભાગ્યે જ હશે કે જેને ખીચડી ચાખી નહીં હોય. ડેન્જર ડેન્ગ્યુ કે સોલિડ સ્વાઈન ફ્લુમાં સપડાયેલા દર્દીને પણ ડૉકટર મગની ખીચડી ખાવાનું કહેતા હોય છે. બપોરે ભારે ભોજન ઝાપટ્યું હોય તો રાત્રે હળવા ખોરાક તરીકે ખીચડી-કઢી જ તરત જીભે ચઢે છે. કેટલાંક પટેલોના વાળુમાં દૂધ-ખીચડી કાયમી ખોરાક તરીકે સ્થાન પામી છે. પત્નીથી દૂર કે હોસ્ટેલમાં રહેતા લોકો માટે ખીચડી એ સૌથી સહેલું અને ઝટપટ શસ્ત્ર છે. હિન્દીમાં તો એક મસ્ત કહેવત છે, ‘ખિચડી કે ચાર યાર... ઘી, પાપડ, દહી, આચાર.’

‘વન ડીશ વન મીલ’ તરીકે ખીચડી સ્વીકાર્ય છે. સાવ સાદી ચોખા-દાળ-મીઠું-હળદરની ખીચડીથી લઈ મસાલેદાર - ચટાકેદાર ખીચડીના અનેક પ્રકાર છે. ગુજરાતી લોકો તો એમાં વિવિધ શાકભાજી કે કાજુ દ્રાક્ષ

અનુસંધાન પાના નં. ૫ પર